# 'પાંદડે પાંદડે મોતી' ની ટૂંકીવાર્તાઓમાં નિરૂપાયેલ દામ્પત્યજીવન

ફાલ્ગુની સોલંકી
એમ.એ, બી.એડ, એમ.ફીલ.
ધરમપુર, વલસાડ.

વસુબહેન ભટ્ટ સાઠના દાયકાના વાર્તાકાર છે. તેમના સમગ્ર સર્જનમાં નવલિકાઓએ વાચકોનું સૌથી વધુ ધ્યાન ખેંચ્યુ છે. તેમની કેટલીયે વાર્તાઓ શાળા કક્ષાએથી માંડીને યુનિવર્સિટી કક્ષાના અભ્યાસક્રમોમાં સ્થાન પામી છે. તેમના 'પાંદડે પાંદડે મોતી' વાર્તાસંગ્રહને ઇ.સ. ૧૯૬૪માં 'ભગિની નિવેદિતા' પારિતોષિક પ્રાપ્ત થાય છે. આ સંગ્રહની 'કૃષ્ણાર્પણ' 'કાંઇ ગમતું નથી', 'ગુરુ દક્ષિણા', જેવી વાર્તાઓનો હિન્દી, અંગ્રેજી અને દક્ષિણ ભારતની અલગ અલગ ભાષાઓમાં અનુવાદ પણ થયો છે. તથા 'યુગપુરુષ' અને 'છેલ્લું સંતાન' વાર્તાઓનું નાટય રૂપાંતર થયું અને ભજવાયું પણ ખરૂં. એ હકીકતે પણ લેખિકાની સર્જનકલા ઊડીને સૌની આંખે વળગે છે. આ ઉપરાંત તેમના વાર્તાસંગ્રહો ગુજરાતી સાહિત્યમાં નારીસંવેદનાની વિશિષ્ટ અભિવ્યકિતને કારણે રસાત્મક નીવડયા છે તો કેટલીક વાર્તઓમાં સ્ત્રી-પુરુષ વચ્ચેના સંબંધોની જટિલતા તેમજ સત્ય ઘટનાઓ પર આધાત્તિ વાર્તાઓ પણ છે. લેખિકાને જીવનની ચારેબાજુ વિસ્તરેલા માનવવટવૃક્ષ પર કયાંક કુમળી કુંપળોમાં ઓસનાં ચમકતા મોતી દેખાયાં તો કયાંક જીર્ણશીર્ણ તૂટુંતૂટું થતી પાંદડીઓ પણ. જયાં જયાં જીવનની આ તેજરેખાનો ઝબકાર જોયો તેને ઝીલવાનાં પ્રયાસ તેમણે 'પાંદડે પાંદડે મોતી' ની ટૂંકી વાર્તાઓમાં કર્યો છે. આ સંગ્રહની વાર્તાઓમાં વિષયવૈવિધ્યની સાથોસાથ વાચકને લેખિકાની ઉત્તમ સર્જનકલાના અંશો વિશે પણ આદર જાગે છે.

આ વાર્તાસંગ્રહની 'સંધ્યા', 'સંકલ્પ', 'અતૂટપાળ', 'છેલ્લું સંતાન', 'કાંઇ ગમતું નથી', 'નંદવાયેલાં', 'ગુરુદક્ષિણા', 'બલાયે લે રહી હે.....', 'જમાનો બદલાયો છે' અને 'આહુત' વાર્તાઓ દામ્પત્યજીવનની ગજગ્રાહોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. 'સંધ્યા' વાર્તાની નાયિકા સંધ્યા ભરજુવાનીમાં વિધવા બને છે. તે ભણેલ-ગણેલ સમજદાર યુવતી છે ને સહકારી સંસ્થામાં કામ કરી બે બાળકોનો ઉછેર પણ કરે છે. તે પોતાના જીવનમાં કોઇની પણ જોહુકમી ચલાવી લેતી નથી અનિલ અને વિનય બન્ને મિત્રોને તે પોતાના ઘરે જમવાનું આમંત્રણ આપે છે. જો કે અનિલને સંધ્યા પ્રત્યે આકર્ષણ પહેલેથી જ હતું એવું લેખિકાએ વાર્તાની શરૂઆતમાં દર્શાવ્યું છે. બન્ને વચ્ચેની વાતોમાં અનિલ દ્વારા સંધ્યાની સુંદરતાના વખાણ થતાં સંધ્યાથી બોલાય જાય છે કે -"સૂર્યનાં દર્શન થાય ત્યાં સુધી સંધ્યાની ખૂબી સૂર્યનો અસ્ત એ સંધ્યાનો વિલય. એના આછા રંગો એ તો વિદાયના ઓળા" આ શબ્દોમાંથી સંધ્યા અને પતિ ઉદયનના દામ્પત્ય જીવનનું દર્શન થાય છે. ઉદયનના-પતિના મૃત્યુ પછી પણ સંધ્યા પોતાને તૂટવા દેતી નથી. એક ઓરડામાં પતિનો ફોટો રાખી રોજ તેના જોડે જીવિત વ્યકિત સમી વાતો કરતી, કયારેક રિસાતી તો કયારેક રડી પડતી, કયારેક હસતી તો વળી કયારેક ઉદયનના ફોટાને પ્રત્યક્ષ સમજી તેની સાથે મજાકમસ્તી કરતી. જમવાના સમયે ટેબલ પર પણ એક ખાલી થાળી મૂકાતી જેમાં સંધ્યા, તેની પુત્રી મુરલી ને પુત્ર ઉલ્લાસ થોડું થોડું પોતાની ડીશમાંથી જમવાનું મુકતા. સંધ્યાને પતિની ભારે ઘેલછા હતી. સંધ્યા અને બાળકોનો ઉદયન પ્રત્યેનો ભાવ જાણી અનિલ પોતાના અરમાનોને દાબી દઇ

બાળકોને ચોકલેટ આપતા બોલી ઉઠે છે - 'આ ભાગ મામા તરફથી પપ્પાને !' આ વાકયથી સંધ્યાની આંખોના ખૂણા પાણીથી ભરાય જાય છે. ખરેખર સંધ્યા એક ગજબની સ્ત્રી હતી. ભરજુવાનીમાં વિધવા બનેલી સંધ્યા પતિની યાદમાં જીવન પસાર કરી રહી છે ત્યારે સામાન્ય લોકો તેમના પ્રત્યે કંઇક જૂદું જ વિચારી રહ્યા હોય છે, તે અંગેનો વ્યંગ આ વાર્તામાં જોઇ શકાય છે.

'સંકલ્પ' વાર્તામાં પણ પ્રસન્ન દામ્પત્યજીવનની ભાવના જોઇ શકાય છે. સુધીર નંદિનીને ખૂબ જ ચાહે છે. એનો દરેક બોલ ઝીલી લેવા ઉત્સુક છે. લગ્ન પહેલા સુધીર કશો જ કામધંધો કરતો નહોતો પણ નંદિની તેના જીવનમાં પત્ની બનીને આવ્યા પછી બધા જ કામ કરતો થઇ જાય છે. ચંપલ સંધાવવાથી માંડીને નંદિનીની દરેક બાબતની કાળજી લેતો થઇ જાય છે. શશીબાની (માતાની) ચાકરી કરે છે. ડગલે ને પગલે નંદુનો ખ્યાલ પણ રાખ્યા કરે છે. નંદિનીને ઠંડી લાગે તો પોતાની પાસેની ગરમ શાલ એને ઓઢાડે, બીમાર પડે તો ખડે પગે એની ચાકરી કરે, જમવામાં પણ નંદુના સાથ વગર એને ભાવતું નથી. બા એને વધુ રોટલી ખાવાનો આગ્રહ કરે અને નંદિની સંકેત આપે એટલે તરત જ લઇ લે છે. શશીબા બીમાર પડયા ત્યારે પણ નંદિનીના કહેવાથી સુધીર સેવા-ચાકરી કરતો. બા પાસે બેસી રહેતો. આમ, સુધીર-નંદિનીનું પ્રસન્ન અને મધુર દામ્પત્યજીવન જોઇને શશીબાને ઈર્ષ્યા આવતી પણ જયારે પોતે અતીતમાં ડોકિયું કરી જુએ છે ત્યારે ખ્યાલ આવે છે કે પોતે પણ આવી જ હતી. એટલે દીકરા-વહુને કશું જ ન કહેવાનો શશીબા સંકલ્પ કરે છે.

'અતૂટ પાળ' વાર્તાનું શીર્ષક જોતાં જ લાગે છે કે અહીં કોઇ બે વ્યકિતઓના બંધનની વાત કરવામાં આવી છે.સ્ત્રી-પુરુષો પોતાના સંબંધની અતૂટ પાળ બાંધી શકતા હોય છે. તેવો જ કાંઇક ભાવ અહીં લેખિકાએ નિરૂપ્યો હોય તેવું લાગે છે. આ વાર્તામાં ચંદુકાકા અને કંચનકાકીના દામ્પત્યજીવનને વાર્તાનો વિષય બનાવ્યો છે. ચંદુકાકા ઘરેથી અચાનક કોઇને કહ્યા વગર ચાલ્યા જાય છે.અને ઘરના બધા જ સભ્યો ચિંતિત છે. કંચનકાકી પણ પતિને શોધવા બનાતા પ્રયત્નો કરે છે પરંતુ ચંદુકાકાની કયાંય ભાળ મળતી નથી. એટલે શોભના, બિહારી, અલ્કા જે પોતાની બહેનપણી હતી આ બધાં જ ભેગા થઇને ચંદુકાકા ચાલ્યા ગયા વિશે અનેક અટકળો બાંડવા લાગે છે. શરૂઆતમાં તો ચંદુકાકા બાંયો ચઢાવીને વઢતા, પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી એ આવા કજિયાને હસી કાઢતા અને શાંતિથી સાંભળી લેતા. સૌને એવું થાય છે કે ઘરકંકાસને કારણે ચંદુકાકા અકળાઇને કયાંક ચાલ્યા ગયા હશે. તો કંચનકાકી ચંદુકાકાની વાટ જોતાં આખી રાત ખુલ્લા બારણા રાખી જાગતાં ને રાહ જોતાં બેસી રહ્યા. અંતમાં ચંદુકાકાને એકાએક વૈરાગ્ય આવી જાય છે અને તે ઘર છોડીને ચાલી નીકળે છે, સંન્યાસ લઇ લે છે. સમય પસાર થતાં શોભા-દીકરી મોટી થાય છે. આખરે શોભાને એના પિતા મૂળરૂપે પહેલા હતા તેવા નહિ પરંતુ એક સંત શ્રદ્ધાનંદજીના રૂપે મળે છે, ત્યાં વાર્તા પૂર્ણ થાય છે.

'છેલ્લું સંતાન' વાર્તામાં સંતાન કેન્દ્રસ્થ ભૂમિકા ભજવતું હોય ત્યારે દામ્પત્ય ભાવનાનું આલેખન થયા વિના રહ્યું જ ન હોય. વાર્તાનું શીર્ષક જ દામ્પત્ય ભાવનાની નજીક લઇ જતું લાગે છે. અહીં નાયિકા માલવિકાની અવદશાનું ચિત્રાણ આલેખાયેલું છે. પુત્રારત્નની પ્રાપ્તિ માટે ઘેલા બનેલા જસવંત અને માલવિકા છ-છ પુત્રિઓને જન્મ આપ્યા બાદ પુત્રાને પ્રાપ્ત કરી શકે છે પણ તે પુત્રા જન્મથી જ અંધ છે. આ પણ એક વિધિની જ વક્રતા ગણી શકાય. બન્ને પતિ-પત્ની પુત્રાને મેળવવાનાં અનેક પ્રયત્નો કરે છે. માલવિકા ઘર, પરિવાર, લોકો અને પોતાના પતિના પણ મહેંણાટોણા સહન કરે છે. પરંતુ છ-છ વખત ડિલીવરીઓ થતાં પુત્રીઓ જ જન્મે છે. તેમાં પતિથી માંડીને સમાજ સુધીના બધા જ

માલવિકાનો જ વાંક જુએ છે. માલવિકા પણ સમાજથી અને પોતાના જીવનથી ત્રાસી જાય છે અને મૃત્યુ વહાલું કરવા સુધીના વિચારો કરે છે. છેલ્લે પુત્રીઓની દયા આવતાં એ વિચાર માંડી વાળે છે. અંતમાં બન્ને પતિ-પત્નીની પુત્રપ્રાપ્તિની ઈચ્છા સંતોષાય તો છે પરંતુ આ વખતે પણ પુત્રી જ જન્મશે એવા વિચારથી નુકશાન કરતી ગરમ વસ્તુઓ ખાઇને, બાળકને પાડી નાંખવાની યુક્તિઓ રચવાને કારણે બાળકને ગરમી લાગી જતાં તે અંધ જન્મે છે. આ પણ કુદરતની જ કરામત છે જયાં માનવી હંમેશાં લાચાર કે વામણો જ પુરવાર થયો છે.

'કાંઇ ગમતું નથી ' વાર્તામાં પતિ-પત્નીના મુખમાં લેખિકાએ સંવાદો મૂકીને તડાતડીમાં પ્રેમ આલેખવાનો સફળ પ્રયાસ કર્યો છે. વાર્તાનાયાકની પત્નીના મામા વિચિત્ર સ્વભાવ ધરાવતી વ્યકિત છે. તે કારણ વગરનું બોલબોલ અને પૂછપૂછ કર્યા કરે છે. અનેક પ્રકારના પ્રશ્નો કરીને સામેની વ્યક્તિઓને મૂંઝવણમાં મૂકી દે છે. મામાને પોતાનું ધાર્યું કરવાની વધારે આદતને કારણે અરધી રાતે પણ મામાનું કામ પતાવવા બહાર જવું પડતું હતું. આવા પ્રકારના મામાના પાત્રથી વાર્તામાં કયારેક હાસ્યરસ ઉદ્‌ભવે છે. મામાની આવી કારણ વગરની વાહિયાત વાતો કરી કરીને તેમની પત્નીનું મગજ પણ ગાંડુ થઇ ગયું છે. કુમારના મામી પતિના આવા વર્તનથી અકળામણ અનુભવે છે, ચીડાય છે, ગુસ્સે પણ થઇ જાય છે. એમને ઘરે આવતા કોઈપણ વ્યક્તિને અનેક પ્રશ્નો પૂછીને વાતોએ ચડાવી દે છે. તેથી મામી દુઃખી થાય છે. આ બાબત મામા સમજી શકતા નથી. તેથી આ વાર્તા દામ્પત્યજીવનની કરુણતા સાથે વાચક સમક્ષ હાસ્યરસ પણ પીરસે છે. આ વાર્તાનું કેન્દ્રબિંદુ ભલે મામા હોય પરંતુ લેખિકાએ તો પતિ અને પત્નિના ખટમીઠા દામ્પત્યજીવનનો ચિતાર આપવાનો અહીં પ્રયત્ન કર્યો છે. જેમાં ભલે ગુસ્સો પ્રગટ કરે, નારાજ થાય કે મહેંણા મારે પરંતુ મામી પતિનો પડયો બોલ ઝીલતા પણ દેખાય છે, પતિની સેવા કરતાં પણ નજરે ચઢે છે. એમાં તેમનો દામ્પત્ય પ્રેમ અને નારાજગી બંન્નેના દર્શન ભાવકને થાય છે.

'નંદવાયેલા' સરસ બનવા સર્જાયેલી વાર્તા છે. બે અલગ અલગ વિચારસરણી ધરાવનારા વ્યકિતઓ જયારે અલગ પડી જાય છે ત્યારે બનાવો એક હોવા છતાં તેની પાછળની સમજણની દુનિયા કેટલી જૂદી હોય છે. એક જ ઘટનાના જૂદા-જુદા સ્વરૂપે થયેલા દર્શનને અંગે જન્મથી જ જુદી-જુદી સમજણો જીવનમાં કેટલી સર્વનાશ બની જાય છે. કોઈ પણ સર્જકને સર્જન કરવું ગમે તેવું આ આલેખન છે. વાર્તાનાયક મનોજ શ્રીમંત ઘરનો એકનો એક પુત્ર છે. ખૂબ જ લાડકોડથી તેનો ઉછેર થયો છે. પિતાની ધનદોલતનો પણ વારસો મળ્યો હતો, અને સાથોસાથ મનગમતી સુશીલ, રૂપાળી, યુવતી સાથે પરણ્યો હતો. મનોજનો દરેક બોલ ઘરમાં બધા ઝીલતા. મોટો થયો એટલે પોતાનું ધાર્યું જ તે કરાવતો એની જોહુકમી ઘરમાં ચાલતી હતી, એટલે તે પોતાની પત્ની નીલુ ઉપર પણ પોતાની જોહુકમી ચલાવતો હતો. પત્ની પણ સંસ્કારી વિચારશીલ અને ગુણિયલ હોવાથી મનોજની બધી વાત માનતી. નીલુ મનોજને ખુશ કરવાના કે રાખવાના તમામ પ્રયત્નો કરતી પરંતુ કોઈને કોઈ કારણસર તે નીલુ પર ચીડાય જતો મનોજના સતત થઈ રહેલા આવા વર્તનથી હવે નીલુ ધીમે-ધીમે મૂઢ થતી જતી હતી. નીલુની વાત અને સમસ્યાને સમજીને સૂલજાવવાના બદલે મનોજે પોતાની માં ને કહી દીધું કે 'નીલાને કહો કે એને પીયર જાય .'પરંતુ નીલુને તો મનોજની વિચિત્રાતા પણ વ્હાલી લાગતી. નીલુએ પોતાનુ મન છુપાવ્યું હતુ અને મનોજે ખોલ્યું હતું. એ સ્ત્રીના આ અનુપમ ભાવને સમજવામાં નિષ્ફળ નીવડયો. મનોજ નીલુને છૂટાછેડા આપે છે પરંતુ વાર્તાના અંતે અફસોસ થતાં તે ફરી વાર નીલું ને પોતાને ઘેર જિંદગીમાં લાવવા માંગે છે. તેથી માને નીલુના પિયર મોકલે છે, પોતે પણ નીલુને બોલાવવા જાય છે. પરંતુ આખરે

નીલું "બધી જડ વસ્તુઓ ગોઠવાઈ ગઈ, એમાં હવે ચેતન નહી આવે." કહી મનોજના પ્રસ્તાવનો ઈનકાર કરે છે. આમ, નીલું અને મનોજના વિષમ દામ્પત્યજીવન ઉપર આલેખાયેલી આ વાર્તા ખરેખર આસ્વાદ્ય બની રહે તેવી છે.

'ગુરુદક્ષિણા' વાર્તામાં મધ્યમ વર્ગના દામ્પત્યજીવનની કથાને આલેખવામાં આવી છે. ગિરીશ અને હર્ષા બંન્ને પતિ-પત્ની કલાકાર છે. તેમને શાસ્ત્રીય સંગીતની ભારે ઘેલછા વળગી છે. પોતે ઉત્તમ કલાકાર હોવા છતાં પોતાના ઘરમાં આર્થિક ભીસ હંમેશા રહેતી હતી. કપરી પરિસ્થિતિમાં આ દંપતી દોઢસો-બસો રૂપિયા કયાંયથી મેળવી શકતા નથી. તેઓ તાનપૂરો લાવવા દોઢસો-બસો રૂપિયાનો બંદોબસ્ત કરી શકતાં ન હતાં. ગિરીશ અને હર્ષાનો કોઈ પણ મોજશોખ ગણો તો માત્ર સ્વરસાધના પછી કઢેલું દૂધ સાથે પીવું તે. હર્ષા પોતાના માથી ગિરીશને ચોરી છૂપીથી વધારે દૂધ આપતી ને કયારેક પકડાઈ પણ જતી ત્યારે હસી પડતી. આમ ગિરીશ અને હર્ષાનું પ્રસન્ન દામ્પત્યજીવન આર્થિક ભીસમાં પણ સરસ રીતે ચાલતું હતું. બંન્ને એકબીજાની લાચાર પરિસ્થિતિથી વાકેફ હતાં અને એકબીજાનો બોજો હલકો કરવાની મથામણ પણ કરતાં રહેતા. સમયની સાથે તેની પરિસ્થિતીમાં બદલાવ આવે છે. કલ્યાણેશ્વરીએ પુત્ર પદ્યનયનને સંગીત શીખાડવા માટે ટયુશને રાખવા ગિરીશને જણાવ્યું. ગિરીશે આ નોકરી સહર્ષ સ્વીકારી પણ ખરી પરંતુ મોટા લોકોની આડાઈ જુદા જ પ્રકારની હોય છે. એક વાર મહેફીલમાં ગિરીશ સંગીતકલાથી સૌને આકર્ષે છે. તેથી છાપાવાળા ભારોભાર ગિરીશના વખાણ છાપામાં છાપે છે. આ બાબત કલ્યાણેશ્વરીને કઠે છે ને ગિરીશને પોતાનો બંધાયેલો હોવાથી વધારે પગારવાળી કે બીજે નોકરી ન કરી શકે તેનું સુચન અપાય છે. ત્યારથી ગિરીશને ધીમે-ધીમે આ કામ પ્રત્યે અકળામણ થતી જાય છે. પરંતુ સહધર્મચારીણી પત્ની હર્ષા તેને પળપળ સાચવી અને સંભાળી લે છે. આખરે ટયૂશનના પગાર અર્થે મોકલાવેલ કલ્યાણેશ્વરીએ ગિરીશને નકકી થયેલા અઢીસો રૂપિયાને બદલે ચા-પાની અને નાસ્તો કરેલા તે વતી પચાસ રૂપિયા કાપીને બસ્સો રૂપિયા મોકલાવે છે ત્યારે ગિરીશને ભારે આઘાત લાગે છે ને તરત જ પગાર આપવા આવેલ નોકર સાથે બસો રૂપિયા અને ચિ. પદ્યનયનની સંગીતસાધના માટે દાનરૂપે કલ્યાણેશ્વરીને ચિઠ્ઠી સાથે મોકલી આપે છે. ગિરીશને વારંવાર તેની પત્ની હર્ષા સંભાળી છે, સાથ અને સહકાર આપે છે. આ રીતે વાર્તામાં મધુર દામ્પત્યજીવન આલેખાયેલું જોય શકાય છે. વસુબહેનને દામ્પત્યજીવનની ઉત્કટ ભાવનાના અહીં ભરપુર દર્શન કરાવ્યા છે.

'બલાયે લે રહી હે ...' વાર્તામાં પ્રદીપ અને ગોપીના દામ્પત્યજીવનને આલેખવામાં આવ્યો છે. પ્રદીપ તેની પત્ની ગોપીને અનહદ પ્રેમ કરે છે. એક વાર મોટા ભાઈ સાથે પ્રદીપ કાશ્મીર જાય છે. ત્યાંથી પ્રદીપ એક સુંદર પેટી ખરીદી ને પત્ની ગોપીને વિવાહીત જીવનની ભેટ આપવામાંગે છે. એક જગ્યાએ પ્રદીપને ઘરેણાં મૂકવાની પેટી ગમી જાય છે. પણ મોટા ભાઈને એ પેટીની કિંમત બધુ લાંગતા લઈ શકાતી નથી. મોટા ભાઈના હુકમ આગળ પોતાનું કશું જ ચાલતું નહોતું એટલે પ્રદીપ કાશ્મીરથી ગોપી માટે ભેટની પેટી ખરીદી શકતો નથી. અંતે શ્રીનગરમાં તેને એક પેટી ગમી જાય છે. પરંતુ તેનો માલિક ગુલાબહુસેન તે પેટી વેચવાની ના કહી પ્રેમના પ્રતીક તરીકે રાખી હોવાનું જણાવે છે. પ્રદીપ નીરાશા અનુભવે છે. ત્યાં મોટાભાઈ હાથ પકડી ને કહે છે કે 'પ્રેમનાં મૂલ્ય ન હોય.' પ્રેમનું આ એક સુંદર પ્રતીક જોઈને પ્રદીપને ખૂબ જ આનંદ થયો જાણે કે ગોપીને જ પોતે સુંદર ભેટ આપી હોય. આમ વાર્તાનાયક જયારે પેટી જુએ છે. તે ખરા અર્થમાં પ્રેમનાં પ્રતીક સમી મૂકી ગયેલા પેટીના માલિકના બુઝ્રુર્ગની હતી. એટલે પ્રદીપે પણ મનોમન

નકકી કરેલું કે મારો પ્રેમ જ ગોપી માટે સર્વસ્વ છે અને ગોપી પણ તેને ખૂબ જ ચાહે છે. તેથી વિશેષ પ્રેમમાં કશું જ ના હોય. લેખિકાએ તો અહી પણ પ્રસન્ન દામ્પત્યજીવનનો ભાવ જ વહેતો રાખ્યો દેખાય છે.

'જમાનો બદલાયો છે.' વાર્તામાં નાયક પ્રભાકરની પત્ની સુરભી નોકરી કરે છે અને ઘરને પણ વ્યવસ્થિત સંભાળે છે. આમ તો બંનેમાં પ્રભાકરને સુરભી પ્રત્યે-પત્ની પ્રત્યે બહુમાન નથી. તેને મન સ્ત્રી માત્ર એક સાધન જ છે. એટલે તે સુરભીને માત્ર પત્ની તરીકે જ સ્વીકારે છે અને એ પણ કેવી પત્ની કે પોતાની ઈચ્છાને વશ રહીને જાણે વર્તવું જાઈએ એવી. પોતાની આજ્ઞા વિના જેનાથી એક ડગલું પણ બહાર મૂકી ન શકાય એવી. એ પત્નીને નથી સમજી શકતો, નથી એના મર્મને કે વેદનાને સમજતો. માત્ર પોતાના સુખસગવડ અને ઈચ્છાને જ સમજે છે. મિત્ર વિનોદ જોશી વાતે વળગે છે ને વાતો વાતોમાં પ્રભાકર જણાવે છે કે "એક જણ કમાય અને ચાર જણ મોજ કરે એ જમાનો ગયો. દરેકે નોકરી કરવી જ પડશે. બદલાતા જતાં સમાજમાં દરેક જણે પોતાની ફરજ અને જવાબદારી સમજવી પડશે." પછી વિશેષ ભાર સાથે કહે છે કે 'જમાનો બદલાયો છે.' આ વાકય સાંભળતા સુરભીના હાથમાંની તાસક પડી જાય છે ને તે બબડવા માંડે છે, જમાનો બદલાયો છે. આમ , પ્રભાકર અંત સુધી સુરભીને સમજી શકતો નથી. અને જમાનાની વાતો કરવામાં લોકોને ચા-નાસ્તો કરાવવામાં હોંશીયાર છે પણ પોતાની પત્નીને શું જોઈએ છે તે વિશે કયારેય વિચારતો નથી. આમ છતાં સમજુ સુરભી તેને સંભાળવામાં પાછીપાની કરતી નથી. અહી સમગ્ર વાર્તામાં સૂરભીનું પાત્ર ઐરણ પર ચડતું દેખાય છે. તે પતિની હા માં હા અને ના માં ના રાખનારી ગૃહિણી છે. અહી અફસોસની વાત તો એ છે કે તેને પ્રભાકર સમજી શકતો નથી. તેથી જ આ વાર્તાનું શીર્ષક 'જમાનો બદલાયો છે.' યોગ્ય લાગે છે.

'આહુત' વાર્તામાં નીતિન અને શશિકલાના પ્રસન્ને દામ્પત્યજીવનને કેન્દ્રવિષય બનાવવામાં આવ્યો છે. બંન્ને પોતાના લગ્નજીવનમાં ખૂશ છે. બંને એકબીજાને સાચવે છે, સંભાળે છે. એકબીજાની પૂરતી કાળજી રાખે છે. એક દિવસ નીતિન જમ્યા વગર ઓફિસે જાય છે એટલે શશિકલા બેચેન રહે છે. નીતિનનાં આવતાં પહેલાં એણે સ્વસ્થ થઈ જવું હતું અને તેને ઉમળકાથી આવકારવો હતો. એના આખા દિવસનો થાક હરી લે એવી પ્રસન્નતા ઊભી કરવી હતી. નીતિન ઘણો હેતાળ હતો. પત્નીનું જરા સરખું મોં ઊતરેલું જુએ તો તરત જ શશિકલાને પૂછી બેસતો 'બાપૂજી યાદ આવ્યા?' આમ પરસ્પર ખેંચાણ વિશેષ રહેતું. નીતિન પ્રેમાળ અને સમજુ પણ હતો. શશીની નાજુક લાગણીઓ, સંવેદનાઓ એ સંભાળપૂર્વક માવજત કરતો. એકબીજાના સાનિધ્યમાં બંને સુખની અપૂર્વ લહાણ માણતા હોય છે. લેખિકાએ અહી દામ્પત્યભાવનાનું વિશેષ નિરૂપણ કર્યું છે.

આમ, 'પાંદડે પાંદડે મોતી' વાર્તાસંગ્રહમાં વસુબહેન ભટ્ટે દામ્પત્યજીવનની પ્રસન્નતા અને નારાજી બન્ને પાસાઓને આવરી લઈ સફળ વાર્તાઓ ગુજરાતી સાહિત્યને આપી છે. એમણે સાંપ્રત સમયના સમાજની વાસ્તવિક પરિસ્થિતિઓનું હુબહૂ નિરૂપણ કર્યું છે. માનવ સ્વભાવનાં બાહ્ય આવરણોને ભેદી એના અંતરતમમાં પ્રવેશ કરવાનો તેમણે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. એમની અહી પ્રસ્તુત વાર્તાઓ દામ્પત્યજીવનની અનેક લીલાઓના રંગે રંગાયેલી જોવા મળે છે.જો કે દામ્પત્યજીવનનું નિરૂપણ કરતી એમની વાર્તાઓમાં સાચી ચાહૂના રહી છે, કામની આશકિત દેખાતી નથી. એમ કરુણતા પણ વહે છે. કહો કે દામ્પત્યજીવનના બધા જ પાસાઓને નિરૂપવામાં લેખિકા સફળ પૂરવાર થયા છે. આથી જ કહી શકાય ખરું કે લેખિકા આ વાર્તાસંગ્રહની દામ્પત્યજીવનને રજૂ કરતી વાર્તાઓ ભાવકોના માનસપટ પર ઊંડી અસર છોડી જાય છે.